# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ–૩૮૮૧૧૦

વંચાણે લીધો : કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્ર જા.નં. આકૃયુ/રજી/એકે(મીટીંગ)/ (૧૩૦)/૬૨૬૪-૬૨૭૮/૨૦૨૧, તા.૨૨/૧૧/૨૦૨૧ ની સાથે સામેલ નિયામક મંડળની ૫૫ મી બેઠકની કાર્યનોંધ.

## : જા હે ર ના મું :

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૨૯-૧૦-૨૦૨૧ ના રોજ વી.સી. કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે યોજાયેલ બેઠકના મુદ્દા નં. ૫૫.૨૬ થી નીચે મુજબ ઠરાવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, "આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્લાન યોજનાઓ હેઠળ આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટેની કુલ રૂા. ૧૦૫૫૨.૦૦ લાખની અંદાજપત્રીય જોગવાઇ અંગેની દરખાસ્ત રાજ્ય સરકારશ્રીને રજુ કરવા માટે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદને સમીક્ષા માટે રજૂ કરવામાં આવેલ છે, જે મંજૂર કરવામાં આવે છે.

વધુમાં, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા પ્રસ્તુત અંદાજપત્રની દરખાસ્તમાં કરવામાં આવતાં સૂચન તથા રાજ્ય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી પ્લાન સીલીંગની મર્યાદામાં પ્લાન યોજનાઓની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની અંદાજપત્રીય જોગવાઇની દરખાસ્તમાં ફેરફાર કરવાની સત્તા કુલપતિશ્રીને એનાયત કરવામાં આવે છે."

જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૨/ ૯૪૨૪ /૨૧
તા:૨૨ /૧૧/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના:**

(૧) નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ આ સાથે જાહેરનામાની ૨૫ નકલ સામેલ રાખી જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૪) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ રવાના:**

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

(૨) સંશોધન નિયામકશ્રીની કચેરીના તમામ ટેબલ તરફ જાણ સારૂ.